જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૫/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૧૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૪૧૩ લીટર દેશી દારૂ, ૮૨ બોટલ ઇગ્લીશદારૂ, ૭૨ બીયરટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૬,૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૧૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બળજબરીપૂર્વક કાર લઇ ગયા :- સમાચાર યાદી નં.૧૦૧૩/૧૭

**સોલા હાઇકોર્ટ** : પૃથ્વીરાજસિંહ મહેંદ્રસિંહ વાઘેલા (ઉ.વ.૨૬)(રહે,બોરડીયા રામજી મંદીર પાસે બાવળા) એ તા.૧૦/૫/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૪/૧૭ બપોરનાં ૩/૦૦ વાગ્યાનાં સુમારે કાર્ગીલ ચાર રસ્તા પાસે આવેલ સબવે રેસ્ટોરંટ આગળ રોડ પર આરોપી કુંજલ પટેલ તથા તેની સાથે આવેલ ત્રણ અજાણ્યા માણસો એ ભેગામળી પૃથ્વીરાજસિંહની ફોર્ડ કંપનીની એંડેવર કાર નંબર.જીજે.૦૧.કે.જી.૧૫૧૩ કિંમત રૂપીયા ૮,૫૦,૦૦૦/-મતાની બળજબરીપૂર્વક પડાવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૧૦૧૪/૧૭

**દાણીલીમડા** : જયમીન કૈલાસભાઇ ગુપ્તા (રહે,સહજાનંદ પેલેસ સોસાયટી, સિન્ધુ ભવન થલતેજ) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૧/૧૭ બપોરના ૧/૦૦ થી તા.૨૪/૪/૧૭ સાંજનાં ૪/૦૦ વાગ્યા દરમ્યાન દાણીલીમડા નારોલ દેવાંગ એસ્ટેટની સામે કાશીરામ મીલની ગલીમાં ગોડાઉન નંબર-૬ ની ઉપર પહેલા માળે આવેલ હીલેરી ફેસન નામની કંપનીનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ કંપનીમાં પ્રવેશ કરી, અલગ-અલગ કંપનીના મશીનો નંગ-૨૪ તથા અલગ-અલગ કંપનીના શર્ટ તથા પેન્ટના કાપડ મળી કુલ કિંમત રૂપિયા ૪,૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૧૫/૧૭**

**વસ્ત્રાપુર** : રાજેશકુમાર કાંતીલાલ ખાંટ (ઉ.વ.૪૭)(રહે,કર્ણાવતી ટેનામેંટ ઘાટલોડિયા) એ તા.૧૧/૫/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૫/૧૭ રાતનાં ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે બોડકદેવ સિંધુ ભવન ચાર રસ્તા ગ્રીનપર્લ રેસ્ટોરન્ટની બાજુમાં પોતાની મારૂતી સુઝુકી કંપનીની અલ્ટો કાર નંબર જીજે.૦૧.એચ.કે.૯૧૮૬ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૬/૫/૧૭ બપોરનાં ૧/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૬/૧૭**

**રીવરફ્રન્ટ ઇસ્ટ** : હરેશ નાનકરામ ગુલવાણી(ઉ.વ.૨૬)(રહે,સિધ્ધી કોલોની શાંતી પ્રકાશ હોસ્પીટલ પાસે, સરદારનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૧/૦૫/૧૭ ના કલાક ૧૦/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ઇન્દ્રાબ્રીજ નીચે સાબરમતી નદીનાં પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇશ્વરસિહ દશરથસિહ ચલાવે છે.

**ખોખરા** : માયાબેન વા/ઓ નથ્થાભાઇ જીલ્પે (મરાઠી) (ઉ.વ.૨૨)(રહે,બાબુભાઇની ચાલી ભાઇપુરા ખોખરા)એ તા.૨૯/૦૪/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે તેઓના પતિએ પીવા માટે પાણી માંગતા માયાબેને પાણી આપેલ નહિં જેથી બંને પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થયેલી અને માયાબેનને મનમાં લાગી આવતા તેઓએ ઘરમાં જઈ દરવાજો બંધ કરી ઘરમાં પડેલ પ્રાઇમસમાંથી કેરોસીન કાઢી, પોતાના શરીરે છાંટી આગ ચાંપી સળગી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી. હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૫/૨૦૧૭ બપોરના ૧/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)